पु॰ना International School
Shree Swaminarayan Gurukul, Zundal

| PERIODIC ASSIGNMENT -1 2021-22 |
|---|
| ધોરણ- 6 વિષય – ગુજરાતી |
| Syllabus – CH-1,2,3, 4 FROM TEXTBOOK |

# [READING SECTION ] વાંચનકાર્ય

## પ્ર-1 નીચેનો ફકરો વાંચી તેનાં પ્રશ્નોનાં જવાબ લખો.

1) મારા ગામના પાદરે ઘટાદાર વડલા ઊભા છે. તેનાથી થોડે દૂર પીપળા,આમલી અને દેવાદારનાં વૃક્ષો છે. વડલાઓના ઝૂંડ પાસે તળાવ છે. તળાવનાં કિનારે શંકર ભગવાનનું મંદિર છે. લોકો તળાવમાં નહાય છે ને મંદિરમાં દર્શન કરવા જાય છે. પીપળા પાસે પાણીની પરબ છે. ત્યાં લોકો પાણી પીવે છે. પાદરમાં મેળો પણ ભરાય છે. વૃક્ષો પર સવાર - સાંજ પક્ષીઓનો કલરવ સંભળાય છે.

પ્રશ્નો

1) વડલાઓ ક્યાં ઊભા છે?

2) વડલા સિવાય બીજા ક્યા ક્યા વૃક્ષો છે?

3) તળાવ ક્યાં આવેલું છે?

4) લોકો નહાવા ક્યાં જાય છે?

5) પાણીની પરબ ક્યાં છે?

2) વૃક્ષો અન્યના સુખને માટે છાંયડો આપે છે. પોતે તાપમાં તપીને અને અસહ્ય ગરમી વેઠીને બીજાને પોતાનાં ફળ આપે છે. પરોપકારી મનુષ્યો એવા જ હોય છે. જો આ નાશવંત કાયાનો ઉપયોગ પરોપકારાર્થે ન થવાનો હોય તો તેની ઉપયોગિતા શી? સુખડ જેમ વધારે ઘસાય તેમ વધારે સુવાસ આપે. શેરડી જેમ વધારે પિલાય તેમ વધારે રસ આપે. સોનું જેમ વધારે તપે તેમ વધારે ચળકાટ ધારણ કરે. ઉદાર મનુષ્યો પ્રાણાન્તે પણ પોતાના સદગુણો છોડતા નથી. જે બીજાને માટે જીવતો નથી તેનું જીવન નિરર્થક છે. જીવવા ખાતર જીવવું એ તો કાગડા – કૂતરાનું જીવન. જેઓ સૃષ્ટિના કલ્યાણમાં પ્રાણ પાથરે છે તેઓ જીવન સાર્થક કરે છે.

પ્રશ્નો 1 ) વૃક્ષોનું જીવન આપણને શું શીખવે છે ?

2) સુખડ, શેરડી અને સોનાની શી વિશેષતા છે ?

3) કોનું જીવન નિરર્થક છે ?

4) કાગડા – કૂતરાનું જીવન કોને કહેવાય?

5) ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

## [WRITING SECTION] લેખનકાર્ય

### પ્ર-2 નીચેના વિશે નિબંધ લખો. ( કોઈ પણ એક)

1) <u>મહેનત નું મહત્વ</u>

ગુજરાતીમાં જાણીતી પંક્તિ છે' સિદ્ધિ તેને જઇ વરે જે પરસેવે ન્હાય' કવિ અહી મહેનતનો મહિમા વર્ણવે છે. જે વ્યક્તિ મહેનત કરે છે તેને સફળતા હમેશા પ્રાપ્ત થાય છે. સફળતાનો કોઈ શોર્ટકટ હોતો નથી. કેમકે કઠોર મહેનતનો બીજો કોઈ વિકલ્પ જ નથી હોતો જેની પાસે મહેનત રૂપી પારસમણી છે તેને જ સફળતા રૂપી સોનું પ્રાપ્ત થાય છે.

શ્રીમદ ભાગવત ગીતામાં પણ મહેનતનો મહિમા ગવાયો છે તેમાં લખ્યું છે કે મનુષ્યે મહેનત કર્યા વગર ખાવું જોઈએ નહી. બાઇબલ પણ કહે છે કે માણસે મહેનત વગરનું કાઇ લેવું જોઈએ નહીં. આપના રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી પણ મહેનતને મહત્વ આપતા હતા તેથી તે મહાન બની શક્યા તો આપણે પણ મહેનત કરવી જ જોઇએ.

ભારતની સૌથી મોટી રીલાયન્સ કંપની ના સ્થાપક શ્રી ધીરુભાઈ અંબાણી એક સમયે ખુબ જ નાનું કામ કરતાં હતા તથા નિરમા કંપનીના માલિક કરશનભાઇ પટેલ પણ સાયકલ પર જઈને નાની કોથળીમાં પાવડર વેચવા જતાં હતા. પોતાની મહેનત અને ધગસથી એમને સફળતાના શિખરો સર કર્યા એવીજ રીતે આપના ભૂતપૂર્વ રાષ્ટ્રપતી અને દેશના ટોચના વૈજ્ઞાનિક ડૉં. અબ્દુલ કલામ પણ પોતાનો અભ્યાસ પૂર્ણ કરવા માટે ઘરે – ઘરે જઈને છાપા વેચવાનું કામ કરતાં હતા.

આમ મહેનત થી જ આગળ આવી શકાય છે એવું જાણી ઉપરના બધા વ્યક્તિ એ ખૂબ મહેનત કરી ખૂબ સફળ થયા તો આપણે પણ મહેનતને જ મહત્વ આપી ખૂબ મહેનત કરવી જોઈએ.

## 2) મારી પ્રિય ઋતુ

આપણાં દેશમાં મુખ્ય ત્રણ ઋતુઓ છે શિયાળો, ઉનાળો અને ચોમાસુ. એમાં મારી પ્રિય ઋતુ વર્ષાઋતુ છે વર્ષાઋતુમાં આકાશમાં કાળા વાદળાં ચડી આવે છે વીજળીના ચમકારા થાય છે.વાદળોના ગળગળાટ અને પવનના સૂસવાટા સાથે વરસાદ તૂટી પડે છે. બાળકો વરસાદમાં નહાય છે અને કૂદાકૂદ કરે છે. લોકોને બહાર જવું હોય તો રેઇનકોટ કે છત્રી લઈને નીકળે છે . જ્યાં જુઓ ત્યાં પાણી જ પાણી. શહેરના રસ્તા અને વૃક્ષો સ્વચ્છ અને સુંદર લાગે છે . મોર કળા કરીને નાચે છે. બધા ખૂબ રાજી થઈ જાય છે.

ખેડૂતો પોતાના બળદોને લઈને ખેતરમાં જાયા છે તેઓ ખેતર ખેડે છે થોડા દિવસોમાં ખેતરમાં અનાજ ઊગી નીકળે છે. ધરતી પરનું આ દ્રશ્ય ખૂબ જ સુંદર લાગે છે. મને વર્ષાઋતુ માં ફરવા જવું ખૂબ જ ગમે છે. જ્યાં જુઓ ત્યાં લીલુછમ વાતાવરણ હોય છે.

કેટલીક વખત અતિવૃષ્ટિ થાય છે તેથી ઘણું નુકશાન પણ થાય છે. અને ઘણી જગ્યાએ વરસાદ ન આવવાથી અનાવૃષ્ટિ થાય છે તેથી અનાજ પાકતું નથી અને પાણીની તંગી પડે છે.

આમ વરસાદમાં મને બહુ જ ગમે છે અમે બધાય મિત્રો સાથે વરસાદની મજા માણવા નીકળી પડીએ છીએ આમ બધી ઋતુમાં મને વરસાદ ખૂબ જ ગમે છે. તળાવો ભરાઈ જાય છે તેથી તેમાં નાહવાની ખૂબ જ મજા આવે છે અને મારા મિત્રો કાગળની હોડી બનાવીને વહેતા પાણીમાં મૂકીએ છેએ.

આમ વરસાદની ઋતુ અમને ખુબ જ ગમે છે.

# [GRAMMAR SECTION] વ્યાકરણ

## પ્ર- 3 કૌસમાં આપેલાં શબ્દો વડે ખાલી જગ્યા પૂરો.

( બોડ , રાફડો , દર , માળો , વાડો , ઘર )

| | | |
|---|---|---|
| 1) ઉંદરનું રહેઠાણ | = | દર |
| 2) વાઘ – વરુનું રહઠાણ | = | બોડ |
| 3) પંખી ઝાડ પર રહેવા બાંધે છે તે | = | માળો |
| 4 ) બકરી – ઘેટાંને જ્યાં પુરવામાં આવે છે તે | = | વાડો |
| 5 ) માણસનું રહેઠાણ | = | ઘર |
| 6 ) સાપનું રહેઠાણ | = | દર |

## પ્ર- 4 કૌસમાં આપેલાં શબ્દો વડે ખાલી જગ્યા પૂરો.

( શાકભાજી , પંખી , રંગ , ઋતુ , માસ , ફળ , સંબંધ )

| | | |
|---|---|---|
| 1) જાન્યુઆરી , ફેબ્રુઆરી , માર્ચ. | = | માસ |
| 2) સફરજન ,દાડમ , કેરી | = | ફળ |
| 3) રાતો , પીળો , લાલ | = | રંગ |
| 4) શિયાળો , ઉનાળો , ચોમાસું | = | ઋતુ |
| 5) કાકા , ફુઆ , માસી | = | સંબંધ |
| 6) દૂધી , કારેલાં , ભીંડા | = | શાકભાજી |
| 7) મોર , પોપટ , કાબર | = | પંખી |

## પ્ર-5 નીચેના શબ્દોને શબ્દકોશ પ્રમાણે ગોઠવો.

1) ટમેટું , ઠંડી , બંડી , તડકો , સૂરજ.

જ) ટમેટું ,, ઠંડી ,, તડકો , બંડી , સૂરજ.

2 ) પુણ્ય , યાદ , વાતચીત , શ્વાસ , શાંતિ

જ) પુણ્ય , યાદ , વાતચીત , શાંતિ , શ્વાસ

3) પીઠ, ખાતર, કૂતરો, ઈશારો, જીવ
જ) ઈશારો, કૂતરો, ખાતર, જીવ, પીઠ

## પ્ર-6 નીચેના સમાનાર્થી શબ્દો લખો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 1) | પરિવાર | = | કુટુંબ | 2) | અચાનક | = | એકાએક |
| 3) | આશ્ચર્ય | = | નવાઈ | 4) | તકલીફ | = | મુશ્કેલી |
| 5) | ફરીશ્તો | = | દેવદુત | 6) | આંખ | = | નયન |
| 7) | માસ | = | મહિનો | 8) | હરખ | = | આનંદ |
| 9 ) | પ્રિય | = | વહાલું | 10) | આબરૂ | = | ઈજ્જત |
| 11) | ભાગવું | = | દોડવું | 12) | વિશાળ | = | ખૂબજ મોટું |

## પ્ર-7 નીચેના વિરૂધ્ધાર્થી શબ્દો લખો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 1) | ગરીબ | X | અમીર | 2) | શાંતિ | X | અશાંતિ |
| 3) | પુણ્ય | X | પાપ | 4) | બેભાન | X | સભાન |
| 5) | બીમાર | X | તંદુરસ્ત | 6) | મંજૂર | X | નામંજુર |
| 7) | ધ્યાન | X | બેધ્યાન | 8) | વિદાય | X | સ્વાગત |
| 9) | વિશ્વાસું | X | અવિશ્વાસું | 10) | પાસે | X | નજીક |

# [LITERATURE SECTION] સાહિત્ય

## પ્ર-8 નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.

1) કીડી અને ભમરા સાથે કોણ – કોણ ફરવા નીકળ્યું?
જ) કીડી અને ભમરા સાથે પીલું, દેડકો અને ઉંદર ફરવા નીકળ્યા.

2) પાણીમાં કોણ કૂદી પડ્યુ?
જ) પાણીમાં દેડકો કૂદી પડ્યો.

3) તરતાં કોને – કોને આવડતું નહોતુ?
જ) તરતાં કીડી , ભમરા ,પીલું, દેડકો અને ઉંદરને આવડતું નહોતું.

4) પીલું ઝડપથી શું લઈ આવ્યું?

જ) પીલું ઝડપથી પાંદડું લઈ આવ્યુ.

5) ફ્રીજમાં ઠંડી કોને લાગે છે?

જ) ફ્રીજમાં ઠંડી ટામેટાને લાગે છે.

6) ટમેટું બંડી પહેરાવવા કોને કહે છે?

જ) ટમેટું બંડી પહેરાવવા દૂધીમાસીને કહે છે.

7) ફ્રીજનો દરવાજો શા માટે ખૂલ્યો?

જ) ફ્રીજનો દરવાજો ધારી લેવા માટે ખૂલ્યો.

8) ટમેટું ખુશ કેમ થયુ?

જ) ટમેટું સૂરજનો તડકો જોઈ ખુશ થયુ.

9) શેખ અબ્દુલ્લાંને હજ કરવાની ઈચ્છા ક્યારે થઈ?

જ) જ્યારે બધા હજ કરવા માટે જતાં ત્યારે શેખ અબ્દુલ્લાંને હજ કરવાની ઈચ્છા થતી.

10) શેખ અબ્દુલ્લાં હજ કરવા શા માટે ના જઈ શક્યા?

જ) શેખ અબ્દુલ્લાં હજ કરવા તેમની ગરીબીના કારણે ના જઈ શક્યા.

11) લાખો વાણિયા પાસે શા માટે ગયો?

જ) લાખો વાણિયા પાસે પૈસા ઉધાર લેવા માટે ગયો.

12) ડાઘિયાએ વાણિયા ને પોતાની સાથે લેવા શું કર્યું?

જ) ડાઘિયાએ વાણિયા ને પોતાની સાથે લેવા માટે વાણિયાનું ધોતિયું ખેંચ્યું.

13) ડાઘિયો ઘડીભર કેમ થંભી ગયો?

જ) લાખાએ ડાઘિયાની સામે અનાદર બતાવ્યો તેથી ડાઘિયો ઘડીભર થંભી ગયો.

14) ડાઘાસર ક્યાં આવેલું છે?

જ) ડાઘાસર ઉત્તર ગુજરાતના રાધનપુર પાસે આવેલું છે.